તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 15-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

---

1) બિહારના જમુઈમાં બિરસા મુંડાની 150મી જન્મજયંતી ઉત્સવની ઉજવણી પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું, NDA સરકારની પ્રાથમિકતા આદિવાસી સમાજનો વિકાસ છે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ભગવાન બિરસા મુંડાની 150મી જયંતિના ઉપલક્ષ્યમાં આગામી 15 નવેમ્બર સુધી આદિવાસી ગૌરવ દિવસ ઉજવાશે.

3) મહારાષ્ટ્ર અને ગુજરાતમાં 16 સ્થળોએ સર્ચઓપરેશન કરી 80 કરોડથી વધુના બેન્કિંગ વ્યવહારોની ઇડી દ્વારા તપાસ.

4) ઓડિશાના પ્રાચીન દરિયાઈ વેપાર ઈતિહાસને પ્રદર્શિત કરતો એશિયાનો સૌથી મોટો ઓપન-એર વેપાર મેળો આજથી આરંભાશે.

5) શ્રીલંકાના સત્તાધારી પક્ષ નેશનલ પીપલ્સ પાવરે સંસદીય ચૂંટણીમાં બહુમતી મેળવી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM BIRSA MUNDA JAMUI*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે 6 હજાર 600 કરોડથી વધુના મૂલ્યની બહુવિધ વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, આદિવાસી સમાજનો વિકાસ જ એનડીએ સરકારની પ્રાથમિકતા છે.

(બાઇટ – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

શ્રી મોદીએ ભગવાન બિરસા મુંડાના જીવન અને સમૃદ્ધ આદિવાસી વારસો અને સંસ્કૃતિ પર આધારિત એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું.તેમણે બે આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાનીઓના સંગ્રહાલયો અને બે આદિજાતિ સંશોધન સંસ્થાઓનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.. પીએમે જમુઈથી વર્ચ્યુઅલ મોડમાં પીએમ-જનમન અભિયાન હેઠળ બનેલા 11 હજાર ઘરોમાં પરિવારોને ગૃહ પ્રવેશમાં પણ કરાવ્યો હતો..

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કરતાં કહ્યું હતું કે આજનો દિવસ અત્યંત પવિત્ર દિવસ છે બિરસા મુંડાની 150મી જન્મ જયંતીની ઉજવણી અને ગુરૂનાનકના 555 પ્રકાશપર્વની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. તેમણે આદિવાસી સમાજના આઝાદીના સંગ્રામમાં મહત્વપૂર્ણ યોગદાનને પણ બિરદાવ્યું હતું.. તેમણે કહ્યું હતું કે આદિવાસી સમાજની સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વપૂર્ણ યોગદાનને આઝાદી બાદ ભૂલાવી દેવામાં આવ્યું હોવાનું દુઃખ વ્યક્ત કર્યું હતું.

પ્રધાનમંત્રીએ આ પ્રસંગે બિરસા મુંડા, બુધરામ મુંડા અને શહીદ સિધો કાન્હુના પરિવારના સભ્ય મંડલ મુર્મુનું પણ સન્માન કર્યું હતું.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM BODOLAND MAHOTSAV*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પ્રથમ બોડોલેન્ડ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે. આ 2 દિવસના મહોત્સવ ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ પર આધારિત મોટું આયોજન છે. તેનો ઉદ્દેશ માત્ર બોડોલેન્ડમાં જ નહીં, પરંતુ આસામ, પશ્ચિમ બંગાળ, નેપાળ અને ઉત્તર-પૂર્વના આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારમાં રહેતા સ્વદેશી બોડો લોકોને એકત્રિત કરવાનો છે.

બોડોલેન્ડ મહોત્સવનો વિષય “સમૃદ્ધ ભારત માટે શાંતિ અને સ્વભાવ” છે. આ મહોત્સવના માધ્યમથી બોડોલેન્ડની સાંસ્કૃતિક અને ભાષાકીય વારસા, પર્યાવરણીય જૈવવિવિધતા અને પ્રવાસનનો લાભ મળશે. આ કાર્યક્રમમાં બોડોલેન્ડ વિસ્તાર આસામ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, નાગાલેન્ડ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને દેશની અન્ય જગ્યાએથી 5 હજારથી વધુ સાંસ્કૃતિક, ભાષાકીય અને કળાપ્રેમીઓ ભાગ લેશે.

દરમિયાન પ્રધાનમંત્રી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી છત્તીસગઢના જિલ્લા મુખ્યમથકો પર યોજાનારા કાર્યક્રમોને સંબોધિત કરશે. આ પ્રસંગે તેઓ જનમન યોજનાના લાભાર્થીઓ સાથે પણ સંવાદ કરશે.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *AMIT SHAH BIRSA MUNDA*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'ભગવાન બિરસા મુંડા દેશની આઝાદીની લડતના મહાન ક્રાંતિકારીઓમાંથી એક હતા.' આદિવાસી ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે આજે નવી દિલ્હીના બાન્સેરા પાર્ક ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરતાં શ્રી શાહે આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું, 'આદિવાસી સમુદાય ભગવાન બિરસા મુંડાનો હંમેશા આભારી રહેશે.' શ્રી શાહે ઉમેર્યું કે, ભગવાન બિરસા મુંડાએ ઘણી નાની વયે દેશ અને આદિવાસી સમુદાયના ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

શ્રી શાહે કહ્યું, જળ, જમીન અનં જંગલ આદિવાસી સમુદાયની પાયાની જરૂરિયાત છે. ભગવાન બિરસા મુંડાએ તેમને આ માટે જાગૃત કર્યા હતા.

## (બાઈટ – કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ - બિરસા મુંડા)

દરમિયાન શ્રી શાહે ભગવાન બિરસા મુંડાને શ્રદ્ધાંજલિ આપતાં આવનારી પેઢી તેમનાથી પ્રેરણા લેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MAHA-GUJARAT- ED RAIDS*

પ્રવર્તન નિદેશાલય (ED)એ ગઈકાલે સમગ્ર મહારાષ્ટ્ર અને ગુજરાતમાં 16થી વધુ સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું, જેમાં 80-90 કરોડ રૂપિયાના શંકાસ્પદ બેંકિંગ વ્યવહારોની તપાસ કરવામાં આવી હતી, જે કથિત રીતે માલેગાંવ સ્થિત એક વેપારી દ્વારા બિનઉપયોગી બેંક એકાઉન્ટ્સ દ્વારા કરવામાં આવી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, દરોડા દરમિયાન, એજન્સીએ બે ચકાસાયેલ બેંક ખાતાઓમાં રાખવામાં આવેલા આશરે 1.8 કરોડ રૂપિયા સ્થગિત  કરી દીધા હતા. હવાલા મારફતે નાણાં મેળવનારને શોધવા તપાસ ચાલી રહી છે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ માલેગાંવ, નાસિક, મુંબઈ, અમદાવાદ અને સુરતમાં જગ્યાઓમાં  શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ વ્યવહારો સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં થયા હોવાનું બહાર આવ્યું હતું.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *CUTTACK FESTIVAL*

ઓડિશાના પ્રાચીન દરિયાઈ વેપાર ઈતિહાસને પ્રદર્શિત કરતી એશિયાનો સૌથી મોટો ઓપન-એર વેપાર મેળો, બાલી જાત્રા, આજથી 22મી નવેમ્બર સુધી ચાલશે. બાલી જાત્રાનો અર્થ છે "બાલીની યાત્રા", આ તહેવાર મુલાકાતીઓને ઓડિશાના સમૃદ્ધ વારસાનો પરિચય કરાવે છે.

મુખ્યમંત્રી મોહનચરણ માઝી આજે બપોરે મહોત્સવનો કરાવશે. દરરોજ સાંજે, ઓડિશા અને અન્ય રાજ્યોના સાંસ્કૃતિક જૂથ ઓડિસી, છાઉ, બિહુ, મહારી, ગોટીપુઆ, સંબલપુરી અને સંતાલી જેવા લોકનૃત્ય રજૂ કરશે. લગભગ 2 હજાર 500 સ્ટોલ મુલાકાતીઓ માટે હસ્તકલા, ઘરગથ્થુ વસ્તુઓ અને ખાદ્યપદાર્થો પ્રદર્શિત કરશે.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *IND-GDP BOOST*

દેશનો જીડીપી દર એટલે કે, કુલ ઘરેલું ઉત્પાદન વર્ષ 2027 વર્ષ સુધીમાં વાર્ષિક 6.5 થી 7 ટકાની વચ્ચે વધવાનો અંદાજ છે. S એન્ડ P ગ્લોબલ રેટિંગ્સેના અહેવાલ અનુસાર, માળખાકીય સુધારા અને સારી આર્થિક સંભાવનાઓ દેશના આર્થિક વિકાસમાં મદદ કરશે. મજબૂત બેન્ક મૂડીકરણ સાથે ઉચ્ચ માંગ બેંક શાખ વૃદ્ધિને વેગ આપશે.

ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે પણ ગયા મહિને કહ્યું હતું કે, દેશનો આર્થિક વિકાસ અકબંધ છે. તેમણે કહ્યું કે, નાણાકીય વર્ષ 2024-25માં દેશની વાસ્તવિક કુલ ઘરેલું ઉત્પાદન વૃદ્ધિ સાત પૂર્ણાંક બે ટકા રહેવાની શક્યતા છે.

S એન્ડ P ગ્લોબલની અગ્રણી ક્રેડિટ રેટિંગ સંસ્થા S એન્ડ P ગ્લોબલ રેટિંગ્સ, કૉર્પોરેશનો, સરકારો અને નાણાકીય સંસ્થાઓ સહિત વિવિધ સંસ્થાઓ માટે સ્વતંત્ર ક્રેડિટ રેટિંગ પ્રદાન કરે છે.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

.................

\- રીપીટ

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DAY SL-ELECTIONS*

શ્રીલંકાના સત્તાધારી નેશનલ પીપલ્સ પાવર પક્ષે સંસદીય ચૂંટણીમાં બહુમતી મેળવી લીધી છે. રાષ્ટ્રપ્રમુખ દિસાનાયકેની આગેવાની હેઠળના વામપંથી ગઠબંધને અત્યાર સુધીમાં જાહેર કરાયેલી 171માંથી 123 બેઠક મેળવી છે. ગઠબંધનને લગભગ 62 ટકા મત મળ્યા છે. જોકે, 225 સભ્યોની સંસદની 29 બેઠકોના પરિણામ હજી જાહેર થવાના બાકી છે. સાજીથ પ્રેમદાસાના નેતૃત્વમાં મુખ્ય વિપક્ષી પાર્ટી સામગી જન બલવેગયાએ અત્યાર સુધીમાં 31 બેઠક જીતી છે. અગાઉ ગઈકાલે યોજાયેલા મતદાનમાં સરેરાશ 65 ટકા મતદાન થયું હતું.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DELHI AQI*

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અત્યંત પ્રદૂષિત હવાથી ગ્રસ્ત થઈ ગઈ છે.. દિલ્હીનો સરેરાશ હવા ગુણવત્તા સુચકાંક - AQI 441ને પાર પહોંચ્યો છે. દિલ્હીમાં સવારે ગાઢ ધુમ્મસની ચાદરમાં લપેટાયેલી જોવા મળી હતી.

દેશની રાજધાનીમાં હાલમાં AQI 400થી 500ની વચ્ચે છે. અનેક વિસ્તારોમાં AQI 450ને પાર જતાં શ્વસન સંબંધિત બિમારીઓથી પીડિત લોકોની મુશ્કેલી વધી છે. પ્રદૂષણની બગડતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આજથી ગ્રેપ નો ત્રીજો તબક્કો લાગુ કરાયો છે.

દરમ્યાન દિલ્હીનાં મુખ્યમંત્રી આતિશીએ સોશિયલ મીડિયાના એક સંદેશમાં કહ્યું, રાજ્યમાં હવા પ્રદૂષણના વધતા સ્તરને ધ્યાનમાં રાખીને, તમામ પ્રાથમિક શાળાઓમાં આગામી આદેશ સુધી ઓનલાઈન વર્ગો ચલાવાશે.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PREZ BALI YATRA*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઐતિહાસિક “બાલી જાત્રા” અને “બૉઈત બંદન”ના શુભ અવસરે લોકોને શુભેચ્છાઓ પાઠવી અને તેમની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસામાં ઑડિશાનું યોગદાન મહત્વનું છે. સુશ્રી મુર્મૂએ કહ્યું, પોતાના ગૌરવશાળી ભૂતકાળમાંથી પ્રેરણા લઈ દેશવાસીઓના પ્રયાસ અને સખત મહેનતથી એક વિકસિત ભારતનું નિર્માણ કરાશે.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PREZ VP PM GURU NANAK JAYANTI*

ભારત સહિત સમગ્ર વિશ્વમાં આજે ગુરુનાનક દેવની જયંતીની ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ ગુરુનાનકના પ્રકાશપર્વ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી હતી કે શ્રી ગુરુનાનક દેવજીના ઉપદેશ લોકોને કરુણા, દયા અને નમ્રતાની ભાવનાને આગળ વધારવા પ્રેરણા આપે છે.

તા. 15-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *HARYANA-GURUNANAK JAYANTI*

હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ જાહેરાત કરી છે કે ગુરુગ્રામમાં આશરે એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે 700 પથારીવાળી સરકારી હોસ્પિટલનું નામ શ્રી ગુરુનાનક દેવજીના નામ પર રખાશે. ઉપરાંત હરિયાણાની એક વિશ્વ વિદ્યાલયમાં ગુરુનાનક દેવજીના નામ પર એક ખુરશીની સ્થાપના કરાશે.

મુખ્યમંત્રીએ ગઈકાલે વિધાનસભામાં પ્રથમ પાદશાહ શ્રી ગુરુનાનક દેવજીના 555મા પ્રકાશ પર્વની પૂર્વ સંધ્યાએ સત્તાવાર ઠરાવ રજૂ કરતી વખતે આ જાહેરાત કરી હતી. ગૃહે સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો.